Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૭–૩–૨૦૧૨**

સિન્ડિકેટની તાકીદની સભા બુધવાર, તા.૭–૩–૨૦૧૨ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા.૭–૩–૨૦૧૨** |
|---|---|---|
| ૧. | ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ––– | ––– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | –––– | ––– |
| ૭. | આ. ડૉ. કિશોરકુમાર નટવરસિંહ ચાવડા | હાજર |
| ૮. | શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ | હાજર |
| ૯. | ડૉ. અપૂર્વ એ. દેસાઈ | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર |
| ૧૩. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. ડૉ. વિપીનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દેવશીભાઈ દાસા | ગેરહાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૨૦. | ડૉ. મોહિનીબેન ગઢિયા | હાજર |

## <u>શોક દર્શક ઠરાવ</u>

સ્વ. કાંતિલાલ જી. શાહ, તેઓ સ્વભાવે મિલનસાર, ધાર્મિક, પ્રેમાળ, માયાળુ અને સહુની સાથે ભળી જતાં સાદુ અને પ્રામાણિક જીવન, કઠોર પરિશ્રમ અને કુટુંબમાં ઉચ્ચ વિચારસરણી અને સેવા ભાવના તેમની જીવન શૈલીમાં વણાયેલાં રહ્યા હતા તથા તેઓ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખ હતા. તેઓ સ્વભાવે નિરાભિમાની મૃદુ અને મિલનસાર સ્વભાવના હોવાને કારણે સમાજમાં અને કુટુંબમાં ઘણી ચાહના મેળવી પ્રિતીપાત્ર બન્યા હતા તે અનંતકાળ સુધી પણ ભુલી શકાય તેમ નથી આવી વિરલ વિભુતિના જવાથી સમાજમાં કુટુંબમાં શૂન્યાવકાશ સર્જાય છે જે લાંબા કાળે પણ પૂરી શકાય તેમ નથી. તેઓના અકાળે થયેલ મૃત્યુ બદલ પરમકૃપાળુ પરમાત્મા ચિરઆત્માને શાંતિ આપે અને આપના કુટુંબીજનોને આઘાત સહન કરવાની શકિત આપે તે માટે સિન્ડિકેટની આ સભા એમના માનમાં બે મિનિટ મૌન પાળી શાંતિ પ્રાર્થના કરી હતી.

૧. સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના તા. ૫/૩/૧૨ના પત્રાંકઃ સનઅ/ ઓમકાર/ ૨૦૧૧–૧૨/ સી/ (૩)/ ૫૫૮ અન્વયે મળેલ અનુદાનથી પંડીત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા.૧૭/૧૮–૩–૨૦૧૨ના રોજ યોજાનાર હોઈ, તે કાર્યક્રમ અંતર્ગત રાજય સરકાર દ્વારા રૂા.૫૦,૦૦,૦૦૦ (લાખ) મળનાર હોઈ તથા રાષ્ટ્રીય કક્ષાના સંગીત/ નાટ્યના રાષ્ટ્રીય કલાકારો દ્વારા આ મહોત્સવ થનાર છે. કાર્યક્રમનો સમયગાળો ખૂબ ઓછો હોવાથી તે કાર્યક્રમ અંતર્ગત થનાર ખર્ચ જેવા કે સમયાણા, ભોજન તથા અન્ય આનુષાંગીક ખર્ચ/ ખરીદીની બાબત પર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ. વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના તા. ૫/૩/૧૨ના પત્રાંકઃ સનઅ/ ઓમકાર/ ૨૦૧૧–૧૨/ સી/ (૩)/ ૫૫૮ અન્વયે મળેલ અનુદાનથી પંડીત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા.૧૭/૧૮–૩–૨૦૧૨ના રોજ યોજાનાર હોઈ, તે કાર્યક્રમ અંતર્ગત રાજય સરકાર દ્વારા રૂા.૫૦,૦૦,૦૦૦ (લાખ) મળનાર હોઈ તથા રાષ્ટ્રીય કક્ષાના સંગીત/ નાટ્યના રાષ્ટ્રીય કલાકારો દ્વારા આ મહોત્સવ થનાર છે. કાર્યક્રમનો સમયગાળો ખૂબ ઓછો હોવાથી તે કાર્યક્રમ અંતર્ગત થનાર ખર્ચ જેવા કે સમયાણા, ભોજન તથા અન્ય આનુષાંગીક ખર્ચ/ ખરીદી અંગેની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.**

૨. યુનિવર્સિટી સ્ટેટયુટ ૧૯૯ અન્વયે સને ૨૦૧૦ – ૧૧નાં વર્ષના યુનિ. હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ અને તેના પર ઓફીસે તૈયાર કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્ટેટયુટ ૧૯૯ અન્વયે સને ૨૦૧૦ – ૧૧નાં વર્ષના યુનિ. હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના અહેવાલમાં કરેલ ભલામણ વગર બોર્ડ ઓફ એકાઉન્ટસના અહેવાલનો સ્વીકાર કરવો. સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ.વી. ડી. નાયકે નોટીસ આપી છે.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**
ક્રમાંક : એસ – ૧ (૧)/ ૨૬૬૦ /૨૦૧૨.
તા. ૭ – ૩ – ૨૦૧૨.

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**